**ધોરણ-૯ થી ૧૨ (માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક) નું સળંગ એકમ ગણવા બાબત**

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
**ઠરાવ ક્રમાંકઃ મશબ/૧૨૧૦/૩૦૭૦/છ,**
સચિવાલય, ગાંધીનગર,
તારીખઃ-૨૭-૦૪-૨૦૧૧

વંચાણે લીધાઃ-

(૧) શિક્ષણ વિભાગનો તા.૩૧/૧૨/૧૯૭૬નો ઠરાવ ક્રમાંકઃ ઇડીએસ-૯૧૭૬-૧૭૫૯૭-ગ,

(૨) શિક્ષણ વિભાગનો તા.૮-૨-૮૦નો ઠરાવ ક્રમાંકઃસમશ-૯૧૭૭-૫૦૨૩૧-ગ.૧

(૩) કમિશ્નરશ્રી,મધ્યાહ્ન ભોજન યોજના અને શાળાઓની કચેરીનાતા.૧૪-૧૨-૨૦૧૦ તથા તા.૨૯/૧૨/૨૦૧૦ના પત્ર ક્રમાંકઃના.શિ.નિ./પી.એ./ ૧૦/૧૧/૦૯

આમુખઃ-

શિક્ષણ વિભાગના તા. ૩૧/૧૨/૭૬ ના ઠરાવ ક્રમાંકઃ ઇડીએસ/૧૯૭૬/૧૭૫૯૭/ગ, અન્વયે, અનુદાનિત શાળાઓમાં શાળાની નિભાવ ગ્રાન્ટ તથા હિસાબી કામકાજના હેતુ માટે શાળાના ધોરણ ૮ થી ૧૨ નું સળંગ એકમ ગણવાનું નકકી કરવામાં આવેલ છે.

ગુજરાત રાજયમાં રાઇટ ટુ એજયુકેશન એકટ, ૨૦૦૯ નો રાજય સરકાર દ્વારા તા.૧/૪/૨૦૧૦ થી અમલ કરવામાં આવતાં ધોરણ-૮ નો સમાવેશ પ્રાથમિક શિક્ષણમાં કરવામાં આવેલ છે. આના કારણે હવે માધ્યમિક શિક્ષણમાં ધોરણ-૯,૧૦, અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણમાં ધોરણ-૧૧, ૧૨ નો સમાવેશ થાય છે. હાલ માધ્યમિક શિક્ષણ અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણને અલગ એકમ તરીકે ગણવામાં આવે છે. પરંતુ નવા શૈક્ષણિક કાયદાના અમલીકરણને કારણે ઉભી થયેલી પરિસ્થિતિમાં શાળાની શૈક્ષણિક અને વહિવટી કામગીરી વધુ કાર્યક્ષમ અને અસરકારક બનાવવા માટે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના અલગ એકમ ગણવાને બદલે શાળાકીય સંચાલનના હેતુ માટે ધોરણ ૯ થી ૧૨ નું સળંગ એકમ ગણવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠ રા વઃ-

સરકારશ્રીની કાળજીપુર્વકની વિચારણાના અંતે જયાં એક જ સ્થળે સરકારની અથવા એક જ ટ્રસ્ટની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ કાર્યરત છે તેવી શાળાઓના અસરકારક અને કાર્યક્ષમ સંચાલનના હેતુ માટે માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક વિભાગના ધોરણ ૯ થી ૧૨ નું સળંગ એકમ ગણવાનું અને આવી શાળાઓને "ઉચ્ચતર માધ્યમિક શાળા" તરીકે નામાભિધાન

કરવાનું આથી ઠરાવવામાં આવે છે. આવી શાળાઓને સીંગલ રજીસ્ટ્રેશન નંબર આપવાની કાર્યવાહી બોર્ડ દ્વારા કરવામાં આવશે.

૨. માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક વિભાગના ધોરણ ૯ થી ૧૨ નું સળંગ એકમ થતા શાળા સંચાલન માટે હવે નીચે મુજબની વ્યવસ્થા અમલમાં આવશે.

(૧) ધોરણ ૯ થી ૧૨ ની શાળાને સળંગ એકમ ગણવાને કારણે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગના શિક્ષકો શૈક્ષણિક હેતુ માટે સળંગ એકમના શૈક્ષણિક કર્મચારી ગણાશે અને ઉચ્ચતર માધ્યમિક અને માધ્યમિક વિભાગના શિક્ષકોના કાર્યબોજના માપદંડ હાલ જેમ છે તેમ રહેશે. શાળાના આચાર્ય, શાળાની શૈક્ષણિક કામગીરી વધુ અસરકારક બને તે માટે જરૂરીયાત મુજબ ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં ફરજ બજાવતા શિક્ષકોને તેમની શૈક્ષણિક લાયકાતના વિષયને અનુરૂપ નીચલા ધોરણમાં કાર્યબોજ સોંપી શકાશે. તેજ રીતે માધ્યમિક વિભાગના શિક્ષકોને તેમની લાયકાતના આધારે ઉચ્ચતર માધ્યમિક વિભાગના વર્ગોમાં યથા પ્રસંગે કાર્યભાર સોંપી શકશે. માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪ ની જોગવાઇમાં તેટલા અંશે સુધારો કરવાનો રહેશે.

(૨) શાળાના આચાર્ય ધોરણ ૯ થી ૧૨ ના સળંગ એકમના શૈક્ષણિક તથા વહીવટી વડા ગણાશે. તેમની સત્તાઓ અને કામના કલાકો માધ્યમિક શિક્ષણ અધિનિયમ-૧૯૭૨ તથા માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪ ની જોગવાઇ તથા સરકાર વખતોવખત નક્કી કરે તે મુજબ રહેશે

(૩) ધોરણ ૯ થી ૧૨ ના સળંગ એકમમાં માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં વર્ગ દીઠ શિક્ષકોનું પ્રમાણ, ગ્રાન્ટ-ઇન-એઇડ કોડ-૧૯૬૪ના નિયમ ૫૫.૧ તથા શિક્ષણ વિભાગના તા.૮-૨-૮૦ના ઠરાવ ક્રમાંક:સમશ-૯૧૭૭-૫૦૨૩૧-ગ.૧ ની જોગવાઇ તથા સરકારના વખતો વખતના સુધારાને આધીન રહેશે. હાલ વર્ગ દીઠ શિક્ષકોનું પ્રમાણ ધોરણ-૯-૧૦ માટે ૧.૫ નું અને ધોરણ ૧૧ અને ૧૨ માટે ૨.૫ નું છે તે ચાલુ રહેશે.

(૪) માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક વિભાગનું સળંગ એકમ અસ્તિત્વમાં આવતાં હાલ જયાં માત્ર માધ્યમિક વિભાગ કાર્યરત છે તેવી ગ્રાન્ટેડ શાળાઓના સંચાલકો આપમેળે ધોરણ ૧૧, ૧૨ ના નવા વર્ગો શરૂ કરી શકશે નહિ પરંતુ આ માટે તેમણે કમિશનરશ્રી, શાળાઓની પૂર્વ મંજૂરી મેળવવાની રહેશે. શાળાની ભૌતિક સુવિધા, વિદ્યાર્થીઓની ઉપલબ્ધિ તથા જે તે વિસ્તારની જરૂરીયાતને ધ્યાનમાં લઇને તબકકાવાર રીતે બજેટ જોગવાઇની મર્યાદામાં ધોરણ ૧૧, ૧૨ ના નવા વર્ગોની મંજુરી આપવાની રહેશે.

આ ઠરાવ જુન-૨૦૧૧ થી શરૂ થતા શૈક્ષણિક વર્ષથી અમલમાં આવશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જે.એલ પટેલ)
નાયબ સચિવ,
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

(૧) માનનીય મંત્રીશ્રી, શિક્ષણના અંગત સચિવશ્રી, ગાંધીનગર.

(૨) માનનીય રા.ક.મંત્રીશ્રી, (મા.શિ.) ના અંગત સચિવશ્રી, ગાંધીનગર.

(૩) કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી, ગાંધીનગર.

(૪) તમામ જીલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ (કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી મારફત).

(૫) સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

(૬) નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૭) નાયબ સેકશન અધિકારી સીલેકટ ફાઇલ.

(૮) સીલેકટ ફાઇલ.